# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૨-B તા.૨૪-૦૬-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવા બાબત (પ્રવાસી શિક્ષક)

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૨૧-૧૨-૨૦૧૫

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૨૦-૧૨-૨૦૨૧

(૩) ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૫૭૨૯-૫૮૧૫ તા.૨૩-૦૬-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વિષય અને સંદર્ભમા જણાવેલ ઠરાવ પરિપત્ર અને વખતોવખત સુધારા સાથેના પત્રોમાં આપેલ સૂચનાઓ જે આ સાથે સામેલ છે તે અનુસાર નગર પ્રા.શિ.સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ પૈકી ખાલી રહેલ જગ્યાઓ નિયમિત રીતે ભરાય ત્યાં સુધી શિક્ષણકાર્ય અટકે નહી તે હેતુથી તાસદીઠ માનદ્ વેતનથી શિક્ષણકાર્ય કરાવવાની યોજના સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ-૨ પત્રથી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે તાસદીઠ માનદ્ વેતનથી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક આપવાની મંજૂરી આપેલ છે. જે અન્વયે નીચે મુજબની શરતોને આધીન તા.૦૧-૦૭-૨૦૨૨ થી તા.૩૦-૦૪-૨૦૨૩ સુધી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ શરત નં.૨ મુજબ કરવાની રહેશે.

૧) પ્રવાસી શિક્ષકે તાસદીઠ માનદ્ વેતનથી માત્ર શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.અન્ય કોઈ કામગીરી કરવાની રહેશે નહીં. ફરજ દરમ્યાન (જાહેર રજા,રવિવાર સિવાય)લીધેલ તાસદીઠ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૨૦-૧૨-૨૦૨૧ના ઠરાવને આધિન માનૃદ વેતન, મહેનતાણું એસએમસી. મારફત ચૂકવણું (માનદ દૈનિક ૬ તાસ= રૂા.૫૧૦ અને માસિક રૂા.૧૦૫૦૦/-થી વધુ નહીં) કરવું. તાસ પદ્ધતિ ન હોય ત્યાં મહત્તમ દૈનિક માનદ્ વેતન તથા માસિક વેતન આ મુજબ જ ચૂકવવાનું રહેશે.

૨) સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાના એક સિનિયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુકત રીતે પ્રવાસી શિક્ષકની નિમણૂંક કરવા નિર્ણય કરવાનો રહેશે.

૩) પ્રાથમિક શાળાઓના બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ પ્રવાસી શિક્ષકને કામગીરી કરાવવાની રહેશે અને તે કરેલ કામગીરીના દિવસો પૂરતો જ પગાર ચૂકવવાનો રહેશે.

૪) પ્રવાસી શિક્ષકોને ચૂકવવાના થતાં માસિક પગારની રકમ શાળાકક્ષાએથી જે તે પ્રવાસી શિક્ષકને આરટીજીએસ મારફતે જ ચૂકવવાનો રહેશે તથા તેની વિગતો તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને રજૂ કરવાની રહેશે.

૫) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં જયાં હાલ એક શિક્ષકવાળી શાળા છે ત્યાં બીજો શિક્ષક મળવાપાત્ર હોય તો તેવા કિસ્સામાં પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમાં પ્રાથમિકતા આપવી.

૬) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને પ્રાથમિકતા આપવાની રહેશે.

૭) ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮ની ખાલી જગ્યાઓ પર નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારોની નિમણૂંક કરવાની રહેશે.

૮) પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઈ રજા કે છૂટ આપી શકાશે નહીં.

૯) જે નિયમિત વર્ગનું શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે તે વર્ગની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.

૧૦) ધોરણ ૧ થી ૫ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી ૬૦ સુધી વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એક જ પ્રવાસી શિક્ષકની નિમણૂંક કરવાની રહેશે.

૧૧) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહીં.

૧૨) તા.૩૦-૬-૨૦૨૨ના રોજ મંજૂર કરેલ મહેકમ કરતાં પ્રવાસી શિક્ષકો મૂકતા શિક્ષકોની સંખ્યા વધવી જોઈએ નહી. આ સાથેની બિડાણ મુજબની શાળાવાર યાદી મુજબ જ જે-તે શાળા પ્રવાસી શિક્ષક લઈ શકશે.

૧૩) પ્રાથમિક શાળામાં પ્રવાસી શિક્ષકો મેળવવા માટે નિવૃત્ત પ્રાથમિક શિક્ષકો કે જેઓ નજીકમાં ઉપલબ્ધ હોય, શિક્ષણકાર્ય કરાવવા સક્ષમ હોય તેવા નિવૃત્ત શિક્ષકોને પ્રાયોરીટી આપવાની રહેશે.

૧૪) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહીં. પરંતુ આ સાથે સામેલ અરજીપત્રકના નમુનામાં બાહેંધરી સાથે વિગતો ભરાવી તેમજ નમુનામાં જણાવેલ બોલી અને શરતોમાં સહી કરાવી શાળા દફતરે રાખવું

૧૫) જે ઝોનમાં જે શાળાઓમાં આવા પ્રવાસી શિક્ષક મુકવાના થાય છે તે માટે અરજી ઉમેદવારે જે-તે એસએમસી.- શાળા કક્ષાએ તા.૨૭-૦૬-૨૦૨૨ ના રોજ કરવી.

૧૬) સદર પ્રવાસી શિક્ષકો યોગ્ય કામ કરે છે કે કેમ ? તેની ચકાસણી મુખ્ય શિક્ષકશ્રી, બીટ સુપરવાઈઝર,મદદનીશ શાસનાધિકારી તેમની કક્ષાએથી કરશે.

૧૭) પસંદ થયેલ ઉમેદવાર સેવા વિષયક અન્ય હક્ક દાવાઓ કરી શકશે નહીં.

૧૮) જે-તે શાળામાં મૂળ / કાયમી શિક્ષકોની ભરતી થતાં પ્રવાસી શિક્ષકની નિમણૂંક આપોઆપ રદ થયેલી ગણાશે.

૧૯) પ્રવાસી શિક્ષક તરીકે અરજીની સાથે લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, બાંહેધરી સાથેની અરજી(બોલીઓ અને શરતોમાં સહી સાથે) શાળામાં -એસએમસી.માં તા.૨૭-૦૬-૨૦૨૨ સુધીમાં જમા કરાવવી. મુખ્ય શિક્ષક-એસએમસી. પરિપત્રની સૂચના ક્રમ-૨ અનુસાર નિમણૂંક સબંધી કાર્યવાહી કરી જે-તે ઝોનમાં મદદનીશ શાસનાધિકારીશ્રી પાસેથી લેખિત બહાલી મેળવી નિમણૂંક આપશે. તેની જાણ મદદનીશ શાસાનધિકારીશ્રીએ મુખ્ય ઓફિસ,એસ્ટાબ્લીશમેન્ટ વિભાગમાં રિપોર્ટ સાથે રજૂ કરવાની રહેશે.

૨૦) ઉપરોક્ત શરતો ઉપરાંત શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ અને તા.૨૦-૧૨-૨૦૨૧ના ઠરાવ તથા વખતોવખતના અન્ય ઠરાવોની જોગવાઈઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

૨૧) પ્રવાસી શિક્ષકની ટીચર્સ પોર્ટલ કે એસએએસમાં એન્ટ્રી કરવાની રહેશે નહી.

૨૨) પ્રવાસી શિક્ષકોને ચૂકવવાના થતા માસિક પગારની રકમ જે-તે પ્રવાસી શિક્ષકને આરટીજીએસ મારફતે ચૂકવવાનો રહેશે.

૨૩) આ યોજના અંતર્યત નિયમઅનુસાર પ્રવાસી શિક્ષકોની નિમણૂંક અને માનદ્ વેતનની ચૂકવણી થાય તે અંગેની સઘળી જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે તેમજ તેમાં ચૂક થવાના કારણે ભવિષ્યમાં કોઈ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો સઘળી જવાબદારી સંબંધિત અધિકારી અને મુખ્ય શિક્ષકની રહેશે.

**બિડાણ સંદર્ભિત પત્ર - ૩**

તા.૨૪-૦૬-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

\\

ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/2022/5729-5815
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 23/06/2022

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા માટે પ્રવાસી શિક્ષકોની નિમણુંક કરવાની મંજૂરી આપવા બાબત.

સંદર્ભઃ- (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.21/12/2015
(2) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.20/12/2021
(3) આ કચેરીના ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/2021/5083-5169 તા.14/06/2022
(4) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.22/06/2022

ઉપર્યુક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગના સંદર્ભ-1 ઠરાવથી રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ પૈકી ખાલી રહેલ જગ્યાઓ નિયમિત રીતે ભરાય ત્યાં સુધી શિક્ષણકાર્ય અટકે નહીં તે હેતુથી તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવાની યોજના સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ-2 ઠરાવથી પ્રાથમિક શિક્ષણના પ્રવાસી શિક્ષકો માટે તાસદીઠ અને મહત્તમ દૈનિક વેતનમાં સુધારો કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ-4 ના ઠરાવથી રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ના ભરાય ત્યાં સુધી તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની નિયત કરવામાં આવેલ મુદત વર્ષ 2022-23 નુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

આ કચેરીના સંદર્ભ-3 ના પત્રથી તમામ જિલ્લા/નગરને પ્રવાસી શિક્ષકો ભરવા અંગેના માંગણાપત્રક રજૂ કરવા સૂચના આપેલ હતી. જે અન્વયે જિલ્લાઓ તરફથી મળેલ માંગણાપત્રક ધ્યાને લેતાં શિક્ષણ વિભાગ તરફથી મંજૂર કરેલ ગ્રાન્ટની મર્યાદામાં આ સાથે સામેલ એનેક્ષર-1 થી 3 અનુસાર જીલ્લાવાર પ્રવાસી શિક્ષકોની ફાળવણી કરવામાં આવે છે. જે જીલ્લાવાર ફાળવેલ પ્રવાસી શિક્ષકોની મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ વંચાણ-1, 2 અને 4 ઉપરાંત નીચે મુજબની શરતોને આધીન તા.01/07/2022 થી તા.30/04/2023 સુધી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક સબંધિત જિલ્લા અધિકારીએ કરવાની રહેશે.

1. ખાલી જગ્યા ધરાવતી પ્રાથમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરતી વખતે શિક્ષણ વિભાગના તા.01/04/2022 ના ઠરાવની જોગવાઈ અનુસાર તા.30/06/2022 ની સ્થિતિએ શાળામાં શિક્ષક-વિદ્યાર્થી મહેકમ પ્રમાણે મંજૂર મહેકમ કરતાં શિક્ષકોની સંખ્યા વધે નહીં તે જોવાનું રહેશે.
2. સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાના એક સિનિયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુક્ત રીતે પ્રવાસી શિક્ષકની નિમણુંક કરવા નિર્ણય કરવાનો રહેશે.
3. જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં જ્યાં હાલ એક શિક્ષકવાળી શાળા છે ત્યાં બીજો શિક્ષક મળવાપાત્ર હોય તો તેવા કિસ્સામાં પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમાં પ્રાથમિકતા આપવાની રહેશે.
4. ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને પ્રાથમિકતા આપવાની રહેશે.
5. ધો-1 થી 5 અને ધો-6 થી 8 ની ખાલી જગ્યાઓ પર નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારોની નિમણૂંક કરવાની રહેશે.
6. એનેક્ષર-1 થી 3 અનુસાર મંજુર કરેલ પ્રવાસી શિક્ષકોને ચૂકવવાના થતાં માનદવેતન માટે આ સાથે સામેલ ગ્રાન્ટ માંગણી પત્રક તથા પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી એ રજુ કરવાનું રહેશે. હાલ જુલાઈ-2022 માસના ખર્ચને ધ્યાને લઈ માંગણાપત્રક રજૂ કરવાનુ રહેશે, જે એક માસના ખર્ચને ધ્યાને લઈ આ કચેરી દ્વારા ત્યાર પછીના દર માસે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. જો સત્રના મધ્યમાં અત્રેથી ફાળવેલ પ્રવાસી શિક્ષકોની મર્યાદામાં નિમણૂંક આપેલ પ્રવાસી શિક્ષકોની સંખ્યામાં વધારો કે ઘટાડો થાય તો તે અંગેની જાણ અત્રેની કચેરીને કરી તદઅનુસારની માંગણી કરવાની રહેશે.
7. પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઈ રજા કે છૂટ આપી શકાશે નહીં.
8. જે નિયમિત શિક્ષક/વર્ગનુ શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે. તે શિક્ષક/વર્ગની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.
9. ધોરણ 1 થી 5 ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી 60 સુધીની વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એક જ પ્રવાસી શિક્ષકની નિમણૂંક કરવાની રહેશે.
10. અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વર્ગદીઠ શિક્ષકનો રેશિયો નક્કી થયેલ હોઇ, તેમાં ખૂટતા શિક્ષક માટે જ પ્રવાસી શિક્ષકની વ્યવસ્થા કરવાની રહેશે.
11. સદર પ્રવાસી શિક્ષકો નિમણુંક વાળી શાળામાં યોગ્ય કામ કરે છે કે કેમ ? તેની ચકાસણી કરવા તથા બિનજરૂરી કામગીરી/ચુકવણું ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી એ તેમની કક્ષાએથી ગોઠવવાનું રહેશે.
12. પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહીં.

13. શિક્ષણ વિભાગના તા.20/12/2021 ના ઠરાવની શરતો અનુસાર તાસ પદ્ધતિ ન હોઈ, ત્યાં મહત્તમ દૈનિક માનદ વેતન રૂ.510/- અને ઉચ્ચક માસિક મહત્તમ વેતનની મર્યાદા રૂ.10,500/- થી વધે નહી તે મુજબ પ્રવાસી શિક્ષકોને માનદ વેતન ચુકવવાનું રહેશે.
14. પ્રાથમિક શાળાઓમાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ પ્રવાસી શિક્ષકને કામગીરી કરાવવાની રહેશે અને તે કરેલ કામગીરીના દિવસો પૂરતો જ પગાર ચૂકવવાનો રહેશે.
15. પ્રવાસી શિક્ષકોને ચૂકવવાના થતાં માસિક પગારની રકમ જીલ્લા કક્ષાએથી ફાળવણી કરી શાળા કક્ષાએથી જે તે શિક્ષકને RTGS મારફતે જ ચૂકવવાનો રહેશે તથા તેની વિગતો સબંધિત જીલ્લા અધિકારીએ આ કચેરીને રજૂ કરવાની રહેશે.
16. આ યોજના અંતર્ગત નિયમાનુસાર પ્રવાસી શિક્ષકોની નિમણુંક અને માનદ વેતનની ચુકવણી થાય તે અંગેની તકેદારી સબંધિત અધિકારીશ્રીએ રાખવાની રહેશે. તેમજ તેમા ચૂક થવાને કારણે ભવિષ્યમાં કોઇ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી સબંધિત અધિકારીની રહેશે.
17. આપના જિલ્લા/નગરમાં આ કચેરી દ્વારા ફાળવેલ પ્રવાસી શિક્ષકોની સંખ્યા કરતાં ઓછા પ્રવાસી શિક્ષકોની જરૂરીયાત હોય તો આ પત્ર મળ્યેથી દિન-7 માં આ કચેરીને જાણ કરવાની રહેશે જેથી અન્ય જરૂરીયાતવાળા જિલ્લા/નગરમાં તે મુજબના પ્રવાસી શિક્ષકો ફાળવી શકાય.
18. ઉપરોકત શરતો ઉપરાંત શિક્ષણ વિભાગના તા.21/12/2015, તા.20/12/2021 અને તા.22/06/2022 ના ઠરાવ તથા વખતોવખતના અન્ય ઠરાવની જોગવાઇઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(આર. આર. પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

બિડાણઃ- એનેક્ષર-1 થી 3, પ્રમાણપત્ર અને ગ્રાન્ટ માંગણી પત્રક.

નકલ સવિનય રવાનાઃ-
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.) સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રા.અને માધ્ય. શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાનાઃ-
- નાયબ શિક્ષણ નિયામકશ્રી, પ્લાન શાખા, સદર કચેરી

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર

**શૈક્ષણિક સત્ર 2022-23 માટે પ્રવાસી શિક્ષકોની માહિતી દર્શાવતુ એનેક્ષર-1 (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)**

| ક્રમ | જિલ્લા શિક્ષણાધિકારી | ધોરણ 1 થી 5 માટે ફાળવેલ પ્રવાસી શિક્ષકો | ધોરણ 6 થી 8 માટે ફાળવેલ પ્રવાસી શિક્ષકો | કુલ ફાળવેલ પ્રવાસી શિક્ષકો |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ (શહેર) | 6 | 2 | 8 |
| 2 | અમદાવાદ (ગ્રામ્ય) | 10 | 21 | 31 |
| 3 | અમરેલી | 2 | 1 | 3 |
| 4 | આણંદ | 2 | 4 | 6 |
| 5 | અરવલ્લી | 0 | 7 | 7 |
| 6 | બનાસકાંઠા | 3 | 15 | 18 |
| 7 | ભરૂચ | 1 | 15 | 16 |
| 8 | ભાવનગર | 7 | 7 | 14 |
| 9 | બોટાદ | 0 | 1 | 1 |
| 10 | છોટા ઉદેપુર | 3 | 9 | 12 |
| 11 | દાહોદ | 9 | 9 | 18 |
| 12 | ડાંગ | 1 | 1 | 2 |
| 13 | દેવભૂમિ દ્વારકા | 1 | 1 | 2 |
| 14 | ગાંધીનગર | 3 | 14 | 17 |
| 15 | ગીર સોમનાથ | 0 | 0 | 0 |
| 16 | જામનગર | 9 | 6 | 15 |
| 17 | જુનાગઢ | 2 | 6 | 8 |
| 18 | ખેડા | 7 | 12 | 19 |
| 19 | કચ્છ | 20 | 20 | 40 |
| 20 | મહીસાગર | 3 | 9 | 12 |
| 21 | મહેસાણા | 0 | 10 | 10 |
| 22 | મોરબી | 0 | 0 | 0 |
| 23 | નર્મદા | 1 | 2 | 3 |
| 24 | નવસારી | 0 | 7 | 7 |
| 25 | પંચમહાલ | 2 | 8 | 10 |
| 26 | પાટણ | 9 | 4 | 13 |
| 27 | પોરબંદર | 0 | 0 | 0 |
| 28 | રાજકોટ | 0 | 4 | 4 |
| 29 | સાબરકાંઠા | 8 | 30 | 38 |
| 30 | સુરત | 7 | 16 | 23 |
| 31 | સુરેન્દ્રનગર | 2 | 3 | 5 |
| 32 | તાપી | 0 | 2 | 2 |
| 33 | વડોદરા | 7 | 12 | 19 |
| 34 | વલસાડ | 5 | 7 | 12 |
| **TOTAL** | | **130** | **265** | **395** |

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.ર. ગાંધીનગર.

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર

## શૈક્ષણિક સત્ર 2022-23 માટે પ્રવાસી શિક્ષકોની માહિતી દર્શાવતુ એનેક્ષર-2
**(જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)**

| ક્રમ | જિલ્લા શિક્ષણ સમિતિ | ધોરણ 1 થી 5 માટે ફાળવેલ પ્રવાસી શિક્ષકો | ધોરણ 6 થી 8 માટે ફાળવેલ પ્રવાસી શિક્ષકો | કુલ ફાળવેલ પ્રવાસી શિક્ષકો |
|---|---|---|---|---|
| 1 | 2 | 4 | 6 | 8 |
| | | | | |
| 1 | અમદાવાદ | 158 | 54 | 212 |
| 2 | અમરેલી | 173 | 159 | 332 |
| 3 | આણંદ | 131 | 154 | 285 |
| 4 | અરવલ્લી | 23 | 114 | 137 |
| 5 | બનાસકાંઠા | 273 | 95 | 368 |
| 6 | ભરૂચ | 116 | 165 | 281 |
| 7 | ભાવનગર | 87 | 162 | 249 |
| 8 | બોટાદ | 68 | 51 | 119 |
| 9 | છોટા ઉદેપુર | 56 | 122 | 178 |
| 10 | દાહોદ | 141 | 388 | 529 |
| 11 | ડાંગ | 25 | 29 | 54 |
| 12 | દેવભૂમિ દ્વારકા | 100 | 198 | 298 |
| 13 | ગાંધીનગર | 43 | 77 | 120 |
| 14 | ગીર સોમનાથ | 120 | 74 | 194 |
| 15 | જામનગર | 28 | 96 | 124 |
| 16 | જુનાગઢ | 136 | 45 | 181 |
| 17 | ખેડા | 181 | 127 | 308 |
| 18 | કચ્છ | 370 | 334 | 704 |
| 19 | મહીસાગર | 95 | 222 | 317 |
| 20 | મહેસાણા | 25 | 198 | 223 |
| 21 | મોરબી | 154 | 92 | 246 |
| 22 | નર્મદા | 86 | 77 | 163 |
| 23 | નવસારી | 75 | 60 | 135 |
| 24 | પંચમહાલ | 47 | 219 | 266 |
| 25 | પાટણ | 119 | 45 | 164 |
| 26 | પોરબંદર | 82 | 29 | 111 |
| 27 | રાજકોટ | 147 | 168 | 315 |
| 28 | સાબરકાંઠા | 111 | 315 | 426 |
| 29 | સુરત | 106 | 133 | 239 |
| 30 | સુરેન્દ્રનગર | 147 | 70 | 217 |
| 31 | તાપી | 131 | 79 | 210 |
| 32 | વડોદરા | 130 | 127 | 257 |
| 33 | વલસાડ | 96 | 53 | 149 |
| | **TOTAL** | **3780** | **4331** | **8111** |

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.ર. ગાંધીનગર.

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર

## શૈક્ષણિક સત્ર 2022-23 માટે પ્રવાસી શિક્ષકોની માહિતી દર્શાવતુ એનેક્ષર-3

**(શાસનાધિકારીશ્રી)**

| ક્રમ | નગર શિક્ષણ સમિતિ | ધોરણ 1 થી 5 માટે ફાળવેલ પ્રવાસી શિક્ષકો | ધોરણ 6 થી 8 માટે ફાળવેલ પ્રવાસી શિક્ષકો | કુલ ફાળવેલ પ્રવાસી શિક્ષકો |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | 345 | 69 | 414 |
| 2 | અમરેલી | 9 | 4 | 13 |
| 3 | આણંદ | 11 | 0 | 11 |
| 4 | અંજાર | 11 | 7 | 18 |
| 5 | અંકલેશ્વર | 0 | 2 | 2 |
| 6 | ભરૂચ | 12 | 3 | 15 |
| 7 | ભાવનગર | 40 | 16 | 56 |
| 8 | બોટાદ | 15 | 9 | 24 |
| 9 | ગાંધીનગર | 13 | 19 | 32 |
| 10 | જામનગર | 25 | 4 | 29 |
| 11 | જેતપુર | 10 | 4 | 14 |
| 12 | મહુવા | 13 | 4 | 17 |
| 13 | નડિયાદ | 0 | 0 | 0 |
| 14 | નવસારી | 2 | 1 | 3 |
| 15 | રાજકોટ | 68 | 11 | 79 |
| 16 | સિધ્ધપુર | 13 | 0 | 13 |
| 17 | સુરત | 393 | 230 | 623 |
| 18 | ઊંઝા | 4 | 2 | 6 |
| 19 | ઉપલેટા | 5 | 1 | 6 |
| 20 | વડોદરા | 101 | 18 | 119 |
| **TOTAL** | | **1090** | **404** | **1494** |

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર.